શ્રી

ત્રીદેવ સ્તવન મંજરી

યાને

બોધાવલી.

સંગીતના શોખીનો માટે

રચી પ્રસિદ્ધ કરનાર,

મહેતા ચંદ્રશંકર મયાશંકર.

તથા

જોશી તોળાશંકર રવીશંકર.

કારવણ.

દુહો. વીરા વાંચો વાહાલથી, હ્રદયે રાખી ટેક;

સાહ્ય કરશે શ્રી હરી, તારણહાર છે એક.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૦

અમદાવાદ રીચીરોડની સડક ઉપર આવેલા

"શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસ"માં આવેલા ચુનીલાલ

અમથાશાએ છાપી.'ની

કીંમત ૦-૨-૦.

શ્રી

ત્રીદેવ સ્તવન મંજરી

યાને

બોધાવલી.

સંગીતના શોખીનો માટે

રચી પ્રસિદ્ધ કરનાર,

મહેતા ચંદ્રશંકર મયાશંકર.

તથા

જોશી તોળાશંકર રવીશંકર.

કારવણ.

દુહો. વીરા વાંચો વાહાલથી, હ્રદયે રાખી ટેક;

સાહ્ય કરશે શ્રી હરી, તારણહાર છે એક.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૦

અમદાવાદ રીચીરોડની સડક ઉપર આવેલા

"શ્રી જયન વિદ્યાવિજય પ્રેસ" માં શા. ચુનીલાલ

અમથાશાએ છાપી.

કીંમત ૦-૨-૦.

શ્રી

ગ્રંથાર્પણ.

હે ભકતવત્સલ પરમકૃપાળ ભવાબ્ધિતારક પરમ ઐશ્વરવાન પ્રાણઆધાર સર્વત્ર વ્યાપક દીનદયાળ અખીલ વિશ્વઆધાર કોટી બ્રહ્માંડાધીસ શ્રેષ્ટ શીરોમણી પરમપુજ્ય મુગટમણી પરમપવીત્ર પીતાશ્રી બાલાજી માહારાજની પવીત્ર સેવામાં આપનો સદાનો દાસ ચંદુને આપે ભવસાગરમાં પડેલા જીવોનું કલ્યાણ થાય એવો ઊપાય દર્શાવી મોક્ષને રસ્તે દોરનાર તથા અજ્ઞાન અંધકારનો નાશ કરનારી એવી શ્રીદેવ સ્તવન મંજરી રચવા માટે બુદ્ધી અરપી તો મેં મારી અલ્પમતિ પ્રમાણે રચેલું લઘુ પુસ્તક આપના ચરણકમળમાં સપ્રેમે અરપણ કરૂંછું તે સ્વીકારી દાસાનુદાસને સદાનો આભારી કરશો.

આશ્વિન.	લી. કર્તા આપનો દાસાનુદાસ
વિજયાદશમી.	ચંદ્રશંકરના સવિનય દંડવૃત.

શ્રી

નમ્ર વિનંતી.

આર્યબંધુઓ ? નમ્રતાપૂર્વક વિનંતી કે મેં મારી લઘુ વયમાં આ ત્રીદેવ સ્તવન મંજરી નામનું લઘુ પુસ્તક રચ્યું છે તે મારો પહેલો પ્રયાસ છે તેમાં મારી ટુંક મતથી અનેક દોષ હશે કારણ મને કાવ્ય અગર પીંગલનું જ્ઞાન ન હોવાથી ઘણી ભુલચુક હશે તો તે પ્રિય વાંચકવૃંદ ક્ષમા આપી સુધારી વાંચવા કૃપા કરશો.

વિજયાદશમી.
સંવત ૧૯૬૬
તા. ૧૩-૧૦-૧૦
ગુરૂવાર.

લી. કર્ત્તા
મહેતા ચંદ્રશંકર મયાશંકર.
મુ૦ કારવણ૦

બોધાવલી.

મંગલા ચરણ.

(૧)

રાગ ગીતી.

પ્રથમ પ્રણમુ પ્રીતે, વિઘ્ન હરણ શીવસુતને હુ નેમે;
કાર્ય સફળ મમ કરજો, જેથી ગ્રંથ પુર્ણ થાય પ્રેમે.
સેવક વિનંતી સ્વીકારી, બુદ્ધી આપી સુમતિ અર્પો રેમે;
દાસ ચંદુને નીત્યે, ચરણ શરણમાં મુકતી મળે જેમે.

(૨)

રાગ સીહાનો કનરો.

બ્રહ્મ કુમારી સરસ્વતી દેવી, પ્રીતે તને માજી વિશ્વે સેવી. ટેક.
હંસ વાહને માજી બીરાજ્યાં, વીણા શોભે કરમાં કેવી. બ્રહ્મ.
સબુદ્ધી આપી મતિ ઘો સુધારી, પ્રભુ ગુણ ગાવા રસના તેવી. બ્રહ્મ.
સંકટ હારણી વિપત્તી વીદારણી, ભવાબ્ધી તારણી છો તમે દેવી. બ્રહ્મ.
મુર્ખ જનોને પંડીત કીધા, ચંદ્ર રદય માંહી મુરતી તેવી. બ્રહ્મ.

(૩)

(રાગ મારા રંગીલા ગીરધરલાલ આવ્યા રૂડું રૂપ ધરી.

પ્રેમે પ્રભુજીને નામુ શીસ, રદયમાં ધ્યાન ધરી;
લાવો કરૂણા શીશુ પર હાથ, દાસ પર કૃપા કરી. પ્રેમે

સાખી.

મનુષ્ય દેહ રૂપી સાંપડયો, કોટી કીધાં હશે પુન્ય;
વારે વારે ન આવે પાછો, જેને ઇચ્છે દેવતા મુન્ય. રહય.

સાખી.

જનમ્યો જગમાં જેહ તે, વેહેલો મોડો જાય;
ભજ્યા જેણે શ્રી હરી,...તે પાપ બંધનથી છોડાય. રહય.

સાખી.

માનવજાતી મરે મથી, ભવસાગર આ વીચીત્ર;
ખુશી થશે મનમાંહી જેણે, મેળવ્યા કૃષ્ણ સમા મીત્ર. રહય.

સાખી.

ઘટઘટમાં વ્યાપી રહ્યા, તમે જગતના નાથ;
કરી કૃપા આ બાળપર, સા'ન્જો દાસ ચંદુકેરો હાથ.

દાસપર કૃપા કરી.

શાંબ સ્તવન.

(૪)

રાગ બનજારો.

ખોટું પ્રપંચ પુતળુ તારૂં, તને નર્કકુંડે નાખનારૂં;
ચોરાસી લક્ષયોની ફરીયો, ત્યારે મનુષ્યદેહ તુને મળીઓ;
તે કેમ રમતમાં ગાળું, ખોટું પ્રપંચ પુતળુ તારૂં.
માયાદેવીના ફંદે ફસાણો, તૃષ્ણાબાઇના તાંતણે બંધાણો;
લોભરૂપી રહય અંધારૂ, ખોટું પ્રપંચ પુતળુ તારૂં.
માટે જા સતગુરૂના શરણે, જ્ઞાન દીવો પ્રગટાવી નમ ચરણે;

જે ભવસાગર તરવાનું બારૂં, ખોટું પ્રપંચ પુતળુ તારૂં.
વૈજનાથ શીવ તુ ભજી લે, ચંદુ વચનો ઉર ધરીને;
છોડી દે સંસારી જાળું, ખોટું પ્રપંચ પુતળુ તારૂં.

(૫)

ચાય બોલો યા ન બોલો—એ રાગ.

છોડ ગર્વ મન મોરા, ખોટી ખલક માયા હે;
કચ્ચી હય એ કાયા, મચ્છીજાળ જેસી માયા;
તીસમે કયા મોહીત હુવા હે. છોડ.
એક દીન મટ્ટીમે જાના, જેસા દીપક બુઝાના;
જીસમે મીલે રંક અરૂ રાયા. ખોટી.
ખીલા પુષ્પકા કરમાના, ઉદયકા અસ્ત હો જાના;
નામ તીસકા નાશ હુવા હે. ખોટી.
કાશી વિશ્વેશ્વર રાયા, જીસને પ્રાતસે ગાયા;
જન્મ સફળ તીસકા હુવા હે. ખોટી.
સ્મરણુસેં દુઃખ જાવે, મોક્ષકા માર્ગ પાવે;
ચંદુ શર્ણુ તોરે હુવા હે. છોડ ગર્વ.

(૬)

રાગ સાવરીને માનું હો ઘુંઘટકે મોજમે—એ રાગ.
પ્રણુમું પ્રીતસેં શંકર હું આજ તો,
એક તો શંકર બીરાજે, મામેક ખોલેમેં;
નકલેશ્વર નામ પ્રકાશ હો. પ્રણુમું.
અર્ધ ચ] શીસ સદા બીરાજે, જટા જુડ રૂંદમાલા છાજે
વજપ્ર પ સી ખાસહો. પ્રણુમું.

ભસ્મ વિલેપન અંગપે ધારી, વૃષભ પર કરો નાથ સ્વારી;
કંઠમે સર્પ વાસહો. પ્રણમુ.
જાકો મહીમા કહ્યો નવ જાવે, જીસકુ બ્રહ્માદિક સબ ગાવે;
ચંદુ ચરણુકો દાસહો. પ્રણમુ.

(૭)

(કનૈયા નંદકે લાલા બજા ગયે બંસરી વાલા.)

રટો સદાશિવને પ્રીતે, પુજો વળી શાસ્ત્રની રીતે,
કાચી કાયા ગર્વ રાખે શું, વહેલુ મોડું સર્વે જાવાનું
ઇંદ્રવરણા જેવી દેહ તારી, તેમાં ભુલ્યા દેવ ત્રિપુરારી
ધુતી ધન મેળવ્યું નીત્યે, ન ધર્યું તે ધ્યાન એક ચીતે. રટો.
મુસાફરી છે વીકટ તારી, ભજન રૂપી રાખ કટારી;
દુરગુણો રૂપી અસુરો પેખા, તરવા ભવ ઝાઝ સે દેખી. રટો.
વંઝા સ્વપને પુત્ર પામી, પુત્ર કીર્તી બહુ જામી;
જાગી ત્યારે ન દેખે કશુ, એવી માયા મુર્ખ મોહ્યો શું. રટો.
એકાદસ શીવ પંકતી શોભે, ભીમેશ્વર જોઇ મન લોભે
જોડી બન્ને હસ્ત આજે તો, વંદે ચંદુ મોક્ષ કાજે તો. રટો.

(૮)

કામણગારી નારી કહેને મને વાત તારીરે—એ રાગ.

ભજો ભજો શંકર ભોળા, વીર એક ચીતેરે;
પુજો પ્રીતેરે નવ બેસે વીતેરે. ભજો ભજો.
પાણીના પરપોટા સમ દીસે છે તુજ કાય;
ગાફલ રહે તેમાં શું ગહ્યા, જન્મ એળે વહી જાય. ભજો.

પુન્ય પાપ સાથે ન આવે, ત્યાં સાચો સરજનહાર. ભજો.
સમજી એવું ભજ તું નીત્યે, તાડકેશ્વર માહારાજ;
સેવક જ્યાં સહુ દર્શન આવે, થાય તેનાં કાજ. ભજો.
શ્વાન પેઠે ભટકે નીત્યે, તૃષ્ણા રેલે તણાઇ;
ચંદુ કરજોડીને કહેછે, મીથ્યા છે સહુ સગાઇ. ભજો

(૯)

રાગ માહાડ.

ભજો ભાઇ ત્રીપુરારી, આળસ ટાળી, નજરે નીહાળી,
શંકર શેવોને આજ. ટેક.
સત્ય કર્મ કટારી, હાથમાં ધારી, પાપો નીવારી. શંકર.
કાળા કેશ મટી ધોળા થયા પણ, માયા ન મુકે લગાર;
ધન મારૂં તન મારૂં હારા પુત્રને વીરરે
જેને અમૃત માને, તે દયા ન ધારે
તને બાળે મસાણે. શંકર.
કાળચક્ર નીત્યે ફરતું માથે જો વીચારી મનમાંય
માંઝારી જેમ ઉંદર પકડે તેમ પટકે તુને ત્યાંયરે
ત્યારેતું પસ્તાતો આંસુ નેત્રે છલકાતો
તો કાળ વિતી જાતો. શંકર.
કાચી કળી સમ કાયા તારી પુષ્પ થઇ ખરી જાય
ખોટી ખલક માયા સમજી ભજ સોમનાથ શીવરાય
રે ચંદુ વચન પ્રમાણી અંતર આણી
કાયા ખોટી જાણી. શંકર.

(૧૦)

(રાગ આશાગોડી.)

અહનીસ ભોળા ભજીલે, મુસાફર અહનીસ ભોળા ભજીને.
સાધુ પુરૂષના રહ્દય વસતા, કૈલાશપતિ તુ સ્મરીલે. અહની.
મનુષ્ય દેહ મળ્યો પુરવના પુન્યે, તો સુક્રીત કાંઇ કરીલે. અહની.
અંગ ભભુત ગલે રૂંઢ માલા, કોટેશ્વર નીત્ય દ્રસીલે. અહની.
કૈલાશધિસા વિભુજય ઇશા, ચંદુ હરનીસ રટીલે. અહની.

(૧૧)

(રાગ ધીમા ધીમા ચાલોને મારા પ્રાણુ.)

પ્રીતે પ્રીતે ભજોને શીવનાથ...રે
પાપ ભવનાં તારાં સૌ ટળી જસે
મોક્ષ તારો મુસાફર થઇ જસે સમજવાતરે પ્રીતે પ્રીતે.

સાખી.

ગર્ભ માંહી તેં આવીને, કીધી આજીજી અપાર
ત્યારે તુજને છોડીયો, ધનદારા ભુલ્યો ગમાર
માટે રાજેશ્વર રટીલે એક ચીત્તે
સ્વયંભુને નમાવો શિષ પ્રીતે
શર્ણાગત ચંદુ ધ્યાન ધરો નિત્યે ઓક્ષા...તરે. પ્રીતે પ્રીતે.

(૧૨)

(વરસાદ ચડયો વરસાદ ચડયો.)

ત્રિપુરારી ભજો, ત્રિપુરારી ભજો,
નીત્ય સુદ્ધ રહ્દયથી, ત્રીપુરારી ભજો.

સત્યનામ શ્રીહરી કેરૂં, ભવસાગરનું સાજ સજ્જો. ત્રીપુરા.
રૂદ્ર વતારં ક્ષીતીલયકારં. પ્રેમે પુજી દુઃખ દુર કરજ્જો. ત્રીપુરા.
અનેક ભકતોના દુઃખહર ચંદુ કહે રહ્દય વસજ્જો. ત્રીપુરા.

(૧૩)

(સુંદીર શામળીઆ નામ જપીસ નીત્ય તારૂ–એરાગ.)

પ્રીતેથી ભજીસે, તુ મન શંકર દેવા
શાંતીને સજીસે, મોહ મમતાને ખોવા
શિર જટામાં ગંગા બીરાજે, અરધાંગે ઉમીયાજી રાજે
ગણુપતી દર્શનથી દુઃખ ભાજે દુઃખહર શંભુ નીરખ્યા આજે
વરદાઇ પ્રભુ એવા પ્રીતેથી ભજીસે.
દયા દાન દીલમાંહી ધારી, ક્ષમા રૂપી વળી સોભે કટારી
માયા રૂપી આસુરી નિવારી, ચંદુ કહે ભજ શિવ ત્રિપુરારી
નીત્યે કર શીવ સેવા. પ્રીતેથી ભજીસે.

(૧૪)

મને વૃજવાસ છે વાહાલો, કરો શીદ આગ્રહ ઠાલોરે–એ રાગ.

સદા ગુણુ માજીના ગાવો, દર્શન કરી પવીત્ર થાવોરે. સદા.
પૂર્વ દીશાએ વસીયા માજી, ભકતોની કરવા સાહ્ય;
ધુપ દીપ નૈવેધ આરતીથી, વારાહી પ્રસન્ન થાય.
નીત્ય દેવી દર્શન જાઓરે. સદા ગુણુ.
ભવસાગરમાં આથડયો માજી, કષ્ટ સહ્યાં મેં અપાર;
દાસ તમારો મને જાણીને, સાહ્ય કરો આવાર.
દયા દીલમાંહી લાવોરે. સદા ગુણુ.

તૃષ્ણાકેરા ફંદે ફસાયો, ધાર્યાં નહીં જગમાત;
આધી વ્યાધી ઉપાધી નીવારો, અંતરમાં લઇ વાત
કહે ચંદુ વ્હારે આવોરે, સદા ગુણ.

(૧૫)

માહું લગાડો તો મારા સમ છે સલુણીરે—એ રાગ.

વિશ્વેશ્વરી ભજો ભાઇ, એ છે શક્તી સાચીરે;
માયા તો છે બધી જુઠી, દેહ તો છે કાચીરે. વીશ્વે.
દુરમતિ રહ્યો તું તો, ફંદમાંહી રાચીરે;
મદ ત્યાગી દે તું અંધા, માજી ગુણ ગા નાચીરે. વીશ્વે.
નમ્ર વાણી પ્રીતે રાખી, ભક્તી લે તું માગીરે;
ચંદુ કહે મોક્ષ મળશે, ચરણે ચિત્તે તું જાચીરે. વીશ્વે.

(૧૬)

રાગ કલ્યાણ.

(શ્રી રાધીકાપતિ, અમે વંદીએ આત.)

જય ભુવનેશ્વરી, નમું હર્ષે દીલ ધરી;
સુમતિ આપી, દુરમતિ કાપી, કષ્ટ સહુ હરી.
ચંડ મુંડને માર્યાં માજી, ભકતોને સુખ માટ;
મહીસાસુરનો વધ કરીને, ટાળ્યા સહુ ઊચાટ. જય.
અનેક રૂપો ધારીને મા, કર્યાં ભક્તને સુખ;
દોષ નિવારી ભકતોકેરાં, હરજો માજી દુઃખ. જય.
મોટા મોટા મહીપતીઓ, સીધાવ્યા સીધી વાટ;
રાય રંક સઘળાને માટે, ઘડયા છે સર્વે ઘાટ. જય.
ચંદુ સદા તું ધ્યાન ધરજે, સાચી જે મંમાય;
રૂપ એક નામ અનેક છે, બહુચરાજી અંબાય. જય.

(૧૭)

રાગ પહેરી ચોળી લટકાં ચટકાં કરતાં આવ્યાં.

સીંધવાઇ માજી રત્ન સિંહાસને બીરાજ્યાં
દર્શન દઇને દાસેના પાપ નિવાર્યાં
ગુલાબી સાળુ પહેરી, સાથે ઝીક ભરી છે ચોળી
દાસોના મન હરખાવ્યાં. સીંધવાઇ.
શોભે મોતી કેરી માલા, શણગાર શોભે છે સારા
શબ વાહને બીરા...... જ્યાં સીંધવાઇ.
નાકે વાળી સુભ શોભે, તે જોઇ મનડુ થોભે
ચંદ્રના શોક સમાવ્યા. સીંધવાઇ.

(૧૮)

રાગ ગીરધારીરે વાત કહું તે વિચારો.

સખી મારીરે દર્શન કરવા ચાલો
માના ચોકમાં પ્રેમથી માહાલો. ટેક.

ઝુલણ.

જેનુ ડેરૂ ગગનમાં ગાજેરે, જેમાં સીંધવાઇ મા બીરાજેરે;
પ્રિય મારોરે માજીનું રૂપ નીહાળો, માના.

ઝુલણ.

નરનારી ત્યાં દર્શન જાયરે, ત્યાં માતુની મંગલ ગાયરે;
જેની શોભા કહી નવ જાયરે,
દીલધારીરે સંભાળી લ્યો તાલો. માના.

ઝુલ

પાસે ચોરો માજીનો વિશાળરે, જ્યાં બેસે માજીનાં બાળરે;
તે બેન પ્રિતે તું ભાળરે,
ગર્વ ટાળીરે માજી દરબાર ચાલો. માના.

ઝુલ.

ત્યાં રાત્રે રૂશનાઇ થાયરે, તેની શોભા કહી નવ જાયરે;
બ્રાહ્મણ બાળક ગુણ ગાયરે.
વિચારીરે દર્શનથી દુખ ટાળો. માના.

ઝુલ.

સેવક ચંદુ પ્રિતેથી ગાયરે, માજી મહીમા કહ્યો નવ જાયરે;
દીનદાસનો હાથ સાહ્યરે,
બેન મારીરે શોક મનના ટાળો. માના.

વિષ્ણુ સ્તવન.

(૧૫)

રસીક મનમાન્યા સંગે સફળ જન્મારોરે—એ રાગ.

સુંદીર બાલાજી માહારાજ, ગુણ ગાઉ પ્રીતેરે;
હું તો ધરૂં તમારૂં ધ્યાન, સદા એક ચીતેરે. સુંદીર.

સાખી.

રત્ન કેરે સિંહાસને, બીરાજ્યા પ્રભુ આજ;
ગુલાબી વાઘા ધર્યાં, મન હરવાને કાજ.
ધરી માળાઓ પ્રિતે, મોતીની નિત્યેરે. સુંદિર.

સાખી.

કાયા વિરોહણુંમાં, વસ્યા ભકતો ફેરે માટ;
ભવસાગરથી તારીને, ટાળો સૌ ઉચાટ.
નમે દાસ ચંદુ કરજોડી શરણની રીતેરે. સુંદિર.

વાહાલા બોલો તમે લાલા બોલો તમે—એ રાગ.

ભાઇ ભજવું પ્રિતે, વીર ભજવું પ્રીતે, કેમ ઉંઘી રહ્યો છું. ભાઇ.
પુન્ય તો કર્યું નથી, પાપ છે માથે અતિ, કૃષ્ણને ભજ્યા નથી!
ભાઇ ભજ વું.

સાખી.

કંસ નીકંદન જગવંદ એ, મુરલીધર માહારાજ;
નીરંજન આનંદકંદ, કરતા સેવક કાજ.
વિષય તુજ મરજી અતિ, ધન દારા ગણી તેં પ્રીતી;
સદબોધ સાભળ ધારી નીતી, દાસ ચંદુ ભજે પ્રીત થકી. ભાઇ.

(૨૦)

કયાંથી આ સંભળાય મધુર સ્વર—એ રાગ.

ભજ તું રણછોડરાય અરે મન, ભજ તું રણછોડરાય;
દાસ તો લાગે પાય. અરે મન.
સીંહાસનમાં પ્રભુ બીરાજ્યા, કરતા દાસની સાહ્ય. અરે.
પટકુળ પીળાં અંગે ધરીયાં, જે છે જગત મહારાય. અરે.
કટી કંદોરા શોભે સારો, મુસ્તક મુગટ જણાય. અરે.
ચંદુ ગુણ ગાઇ પ્રિતે, ચરણુની સેવા ચાહ. અરે.

બોધાવલી.

(૨૧)

અનેક વખત જ્યારે યત્ન કર્યું—એ રાગ.

સંકટ સમય શું જાય ભુલી, ધન દારા નિરખીને જાય ફુલી;
ભજ શ્રી હરી...ધન.
ગર્ભવાસ તું યાદ કેમ ન લાવે, તુજને ઉંધે મુસ્તક લટકાવે;
જનમ્યા પછી પીધી તેં તો થુલી. ધન.
બાળપણું ગુમાવ્યું રમતમહીં, હરીસ્મરણ ઉચ્ચાર કર્યો નહીં;
વદનો વાચા તું તો કાલી ઘેલી. ધન.
જુવાનીમાં ધન દારા સુત મળ્યાં, વૃદ્ધ થયે તારાં ગાત્ર ગળ્યાં;
તને બેસાડે તારો હસ્ત ઝાલી. ધન.
ચંદુ કહે સાચો જગ કીરતાર, તેને ભજવાથી ઉતારે ભવપાર;
માટે હરી સ્મરણ વસ્તુ ગણ વાહાલી. ધન.

(૨૨)

(રાગ. મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં.)

ભજવા ભીડ ભંજન નાથ, સુમતિ ગૃહીને.........શાણા.
ભક્તિ રાખો નીજ સાથ, કુમતિ તજીને...........રાણા.
અંતરમાંથી કુબુદ્ધી વિસારી, રટવા નીસદીન પ્રીતે મુરારી;
શોક સહુ ટાળી ભવજાળને વિસારી. ગુણગાવા હરીના ગાથરે.
ભજવા અનેક ભકતો પોતાના ધારી, અધમ ઓધારણ નાથ મોરારી;
દોષ નિવારી, બીરદ ઉરે ધારી. ચંદુનો ગૃહો નીજ હાથરે;
ભજવા ભીડભંજન.

(૨૩)

(રાગ આંખવીના અંધારૂરે.)

પ્રભુ ગુણુનો મહીમારે વર્ણવું પ્રીતે–પ્રભુ ગુણુનો મહીમા.
મોર મુગટ પીતાબર ધારી, કંસને નાખ્યો મારી,
વૃજભામા યસોમતિ ગોદે રમ્યારે વર્ણવું પ્રીતે–પ્રભુ ગુણુનો મહીમા.
અગાસુર બગાસુર મારી, ભક્ત દુઃખને ટાળી,
ચંદુ કહે સવરી વીદુર ઘેર જમ્યારે. વર્ણવું પ્રીતે.

(૨૪)

(મુરખ તજ અભિમાન સમજ મન.)

સ્મરી લે પ્રીતે ગોપાળ રે મંનવા. સ્મરી લે,
કામ ક્રોધ મદ લોભ તજીને ભવબંધ તું ટાળરે. મંનવા.
નરસીંહ મેહેતા મીરાંબાઇ માટે અસુરોના થયા કાળરે. મંનવા.
ધ્રુવ પ્રલ્હાદ ગજ ગુણીકાની તોડી મોહની જાળરે. મંનવા.
તેમ કૃપા કરી ચંદુદાસને મોક્ષ મળી ટળે કાળરે. મંનવા.

(૨૫)

(બલમારે ચુંદરવા મોકુલાલ રંગાદે એ રાગ.)

ધ્યાન ધરો હરીહર કા (પ્યારે) વાસે સુખ પાવે,
સત્ય ભજનકા બખ્તર ધરકર પ્રભુકો સદા રીઝાવે, વાસે.
ત્રીયા સુત તેરે સાથ ન આવે, મીથ્યા જગ્ત કહાવે;
ચદુ શર્ણુ તોરે પ્રભુજી ફીર જન્મ ન પાવે. વાસે.

(૨૬)

(સૌથી સુંદીર છે મારો શામ. (૩))

સાચા સ્નેહી છે શ્રી વૃજચંદ વૃજચંદ વૃજચંદ રે;

માયા મમતા છોડી ભજજો નીત્યે હોજી,
ધનદારા સુત માત તાત બંધવ, ખોટા;
ફીધા ફંદ ફીધા ફંદ ફીધા ફંદરે. માયા મમતા.
મારૂં તારૂં કરી મુરખા મરે તું, સંભાળી લે;
યદુનંદ યદુનંદ યદુનંદ રે, માયા મમતા.
ચંદુ કહે ભવસાગર તરવા,
રટજો આનંદકંદ આનંદકંદ આનંદકંદ રે. માયા મમતા,

(૨૭)

(શરપર ગાગર ધરકર ગજ ગામની એ રાગ.)

નટવર શ્રીધર સુખકર ધરણીધર... ... જગનાથ કહાવે.
જોડી શી શામની અંનહારની ગોપીનાથની...જગનાથ કહાવે.
ઠમ ઠમ પગ ઘુઘરી બાજે, રાસમાં થઇ થઇ ગાજે,
એક એક સીંગ બીરાજે, ગોપીકા ઘેલી થઇ રાચે,
ચંદુને દર્શન દેજો કૃપા કરી ... ... જગનાથ કહાવે.

૨૮

(રાગ શાણુા સ્નેહથી કરીએ એવા સંતોની સેવા)

સ્નેહે પ્રેમથી સમરીએ, ભાઇ સીતાપતિ દેવા,
જેથી મળશે મુક્તીના મીઠા મેવા. સ્નેહે.
રામનામથી હનુમાન અનેક ભક્ત તરી
સ્વર્ગે સીધાવ્યા છે કેવા. સ્નેહે.
એવો મહીમા છે રામ નામ પ્રતાપનો ભાઇ
ચંદુને અહનીશ દેજે સેવા. સ્નેહ પ્રેમથી.

૨૫

(કૃષ્ણચંદ્ર કૃષ્ણચંદ્ર કૃષ્ણચંદ્ર સ્વામી)

ભોળાનાથ ભોળાનાથ ભોળાનાથ સ્વામી.

પ્રેમથી પુજા કરો તો ભવ સાગર જાય વામી. ભોળા

માયા મમતાની મોહ માહી રહયો કામી

મીથ્યા સગાઇ જાણુ, અંનને વિરામી. ભોળા.

સાખી.

પાર્વતી પતિને પ્રેમથી, રહીએ ધરીને પ્રીત.

દાસ ચંદુ એમ કહે. શરણે રાખો નીત્ય. ભોળા.

૩૦

(પંથી પરદેશી ચિન સોંપી હું આ ચાલી)

નીંદ્રા ત્યાગ કરીને, ભજ તું સારંગ પ્રા......... ણી.

સંસારે ફરે તુમ ઘાંચી બેલ જેમ ઘા... ......ણી.

સાખી.

ખટ રસ ખાવા જીભડી, તારી થાય તયૌર,

કંટાળો તને ઉપજે, હરી ગુણ ગાતાં ગમાર.

મુકી દે તું મનથી મીથ્થા સઘળી લવા ... ... રી. નીંદ્રા.

સાખી.

નાશ કરી નીંદ્રા તણો હરી ભજને તું ભાઈ

સ્વપના તુલ્ય સંસાર છે મીથ્યા છે સહુ સગાઇ.

ચંદુ કહે વસજો ચિત્તે મારે મોરા ... ... રી. નીંદ્રા.

૩૧

(મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ એ રાગ.)

મુકી મનથી સઘળો, અભીમાન મારા ભાઇ,
ભજને પ્રીતે યદુરાયને ... * ... મુકી
ભકતો તર્યા અનેક ભજી શ્રી હરી
કરોળીઆની જાળરૂપ છે સંસાર અરી
સમજ દુનીયાની રીતે શું જાય છે દોરાઇ. ભજ.
દેહ છે કાચા કુંભ પેઠે પ્રમાણુ.
તેમાં મોહથો તું તો થઇને અજાણુ. (૩)
ચંદુ જીવન ગાળે પ્રભુના ગુણુ ગાઇ ... ... ભજ.

૩૨

(ભરોષે બોલવનારી ધુલ મેળવે ધુતારી)

અશરણુ શરણુ હે સ્વામી, વંદુ પ્રીતે શીશ નામી;
કરો સાહ્ય ગરૂડા ગામી ... ... વંદુ.

સાખી.

અધમ અજામેળ પાપીને તાર્યો આપે નાથ,
રટતાં નારાયણુ મુખે ડુબતાં ઝાલ્યો હાથ,
રહી ભક્તી નીરંતર જામી. વંદુ.

સાખી.

અંબરીષ મીરાં નૃસીંહને, પ્રલ્હાદ ધ્રુવજી બાળ
સહાય કરી હર નીસતો. શ્રીહરી દીનદયાલ
દ્રૌપદી દુઃખ સઘળાં વામી...વંદુ.

સાખી.

એક ટેકે હરીને ભજે, ટાળે ત્રિવીધી તાપ
કામ ક્રોધ મદ ત્યાગીને હરનીસ જપવા જાપ.
ચંદુ રટતો પ્રેમે પ્રણામી.... ... ચંદુ

૩૩

(ચરાઠી સાખી)

ભક્તિ જ્ઞાનને સદ્ગુણ ધારી
ભજવા હર નીસ હરીને.
કામ ક્રોધ મદ લોભ ત્યાગી દુરગુણો સહુ તજી દે,
સાચો ચંદુનો શામ, અંતે સમયે આવે સાચોરામ સાચો.

૩૪

(ભક્તિ નવધા અમને વહાલી હેજો દીન દયાળારે)

ભુલ ચુકતો મમ માફ્જ કરશો વાંચક વૃંદ જ્ઞાન વાળારે,
બોધના વચનો શ્રવણે ધરજો, હદયે ધરો ગુણ માળારે ભુલચુક.

સાખી.

પીંગલ તો હું નથી ભણ્યો, ન જાણું બીજું કાવ્ય,
પ્રભુ ગુણ પ્રીતે ગાયા મેં, હોય ભુલ કરજો ક્ષમાય.
હમેશ હરીનું નામ સમરજો, હદયે ન લાવો કંટાળારે. ભુલચુક.

સાખી.

શીનોર તણો તો વતની હુ, હાલ રહું કારવણ ગામ;
મહેતા શેરી નજીકે વસું, ચંદુલાલ મુજ નામ.
પ્રભાશંકરનો સુત હુ કહાવું, ભટતણી અટક વાળારે. ભુલચુક.

સાખી.

ઔદીચ સહસ્ત્ર વિપ્રછું રામાનુંજ નો દાસ.
સકળ દેવને નામું છું, જે પુર્ણ કરે મને આશ.
યથા મતિ મેં સ્તવનો રચીયાં વાંચી શાંત કરજો દુઃખ ગાળારે.

સાખી.

પંચદેવ પુંજુ પ્રેમથી, તરવાને ભવઝાઝ,
ભક્તિ અંતર રાખીને ભજું જે સુખ સાજ.
કરજોડીને ચંદુ કહે છે સદા ભજો કૃષ્ણ કાળારે. ભુલ.

શાન્તિ. શાન્તિ. શાન્તિ. શાન્તિ. શાન્તિ.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર મહાશયોનાં નામ.

વડોદરા.

૨૫ ભટ્ટ. અમ્રતલાલ પ્રભાશંકર
૧૦ દાણી. દામોદર જગજીવનદાસ.
૧ મહેતા બાપાલાલ હીમતલાલ.
૧૦ શેઠ. પ્રેમાનંદ મોહોલાલ.
૧ શાસ્ત્રી. સાકરલાલ યજ્ઞેશ્વર.
૧ પંડયા. પ્રલ્હાદજી શીવરામ.

કારવણ.

૧ મહેતા. અમૃતલાલ અનોપરામ
૨ વૈદ હરગોવીંદ રવીશંકર
૧ પાઠક. મોતીલાલ ધીરજરામ.
૧ મહેતા. અમૃતરામ દલસુખરામ.
૧ ભટ્ટ જગન્નાથ ગરબડ.
૧ પંડ્યા. ગીરજાશંકર જશવંતરામ.
૧ વ્યાસ. મોતીલાલ કાશીરામ.
૧ જોશી. મોતીલાલ દેવશંકર.
૧ જોસી. અંબાલાલ હરિચંદ્ર.
૧ મહેતા. મગનલાલ ઊમીયાશંકર.
૧ પાઠક. છગનલાલ પુરૂષોત્તમ.
૧ પાઠક. અંબાલાલ ગીરજાશંક.
૧ જોશી છોટાલાલ રવીશંકર.
૧ જોશી હીમતલાલ જસવંતરામ
૧ પાઠક જશવંતરામ હરીચંદ્ર
૧ પંડ્યા. લાભશંકર નાગેશ્વર.
૧ મહેતા. ચીમનલાલ પાનાચંદ.
૧ પટેલ. હીરાભાઇ સામળભાઇ.
૧ પટેલ. નરોતમ પરભુદાસ.
૧ પટેલ. પ્રાગજીભાઇ નાગજીભાઇ.
૧ પટેલ. માધવભાઇ કાકાભાઇ.
૧ અમીન. મણીલાલ સામળભાઇ.
૧ મીસ્ત્રી. ત્રીભોવન ઇશ્વર.
૧ ત્રવાડી લાભશંકર બાળાશંકર.

સીનોર.

૧ ભટ રતનલાલ મણીશંકર
૧ જોશી દામોદર કરૂણાશંકર
૧ ભટ અમરતલાલ સદાસીવ.
૧ ભટ્ટ. અંબાલાલ નાથાલાલ.

સરભાણ.

૧ દેવશંકર જેશંકર

નાંદોદ.

ચંદુલાલ મનસુખરામ
૧ દરૂ. મગનલાલ ધનેશ્વર.
૧ મગનલાલ દેવશંકર
૧ પંડ્યા. સુરજરામ કીરપાશંકર.

દભોઇ.

૧ પંચોલી. મહાસુખરામ વિશ્વનાથ.
૧ પંચોલી. ચીમનલાલ કાળીદાસ.
૧ જોસી. કુબેરલાલ મણીશંકર.
૧ ત્રવાડી. મોતીલાલ સંપતરામ

વાઘોડીયા.

૧ વ્યાસજી. ગીરજાશંકર દાજીભાઇ.
૧ જોસી. કાલીદાસ પુરૂષોતમ.
૧ જોસી. ચુનીલાલ મણીશંકર.

પાદ્રા.

૧ પંડયા. હીંમતલાલ નાગેશ્વર.
૧ પાઠક. દોલતરામ હરજીવંન.
૧ અધ્યારૂ. મોતીલાલ જશવંતરામ
૧ ,, હીંમતલાલ માધવરામ.
૧ ,, ઓચ્છવલાલ ધનેશ્વર.
૧ માસ્તર. નાથાલાલ વસંતરામ.

કુરાલી.

૧ ભટ. દામોદર જીભાઈ ભાઈ.

ચાંદોદ.

૧ ત્રવાડી નટવરલાલ તોલાશંકર.

ઉમલા.

૧ પંડયા. મણીલાલ સુરજરામ.

સુજ્ઞ ગૃહસ્થો આપે અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપ્યો છે તેને માટે આપનો આભારી છું.

શ્રી.

જાહેર ખબર.

અધમ ભક્ત.

અજામીલ.

આર્ય મહાશયો ઉપર જણાવેલો કૃષ્ણ પરમાત્માનો અધ ભક્ત અજામીલ જે કામ્ય કુબ્જ નામના નગરનો વિદ્વાન બ્રાહ્ હતો. પરંતુ ગુરૂના બોધનો અવળો અર્થ લઇ અહં બ્રહ્મરિમ બ ગુરૂ માટે ફળ ફુલો લેવા જતાં અધર્મના પ્રથમ પગથીયે પ્રવે પરદવ્ય, તથા પછી ચંદ્રવદની નામની ગુણકાના પ્યારમાં પડવું તથા બ્રાહ્મણનો યોગ્ય નહીં એવા માસ મધુનું સેવન તથા પશુ હત્યા, બાળ હત્યા કરવી. વળી તેમાં બીજા ઢોંગી ભક્ત તાદ્રસનો ચીતાર આ- પવામાં આવ્યો છે વળી બીજા અનેક પ્રકારના બોધકારક હાસ્યરસથી ભરપુર વિષયો ગોઠવ્યા છે. અગાઉથી ગ્રાહક થવા ઇચ્છનાર મહા- શયને ચાર આના, પાછળથી થનારને પાંચ આના, પોષ્ટ જુદું સમજવું તથા ત્રિ, દેવસ્તવન મંજરી નામની બુક લેવા ઇચ્છનાર મહાશયો નીચે સરનામે અઢી આનાની ટીકીટ બીડયાથી મોકલી આપવામાં આવશે.

લી. ત્રિદેવ સ્તવન મંજરીના કર્તા.

ભટ્ટ. ચંદ્રશંકર મયાશંકર મહેતા.

ઠે. મહેતાશેરી કારવણ.

અથવા

જોસી. તોલાશંકર રવીશં

ઠે. થાણાપાસે કારવણ.